BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )
Azadi Ka Amrit Mahotsav

**પરીપત્ર**

**વિષય : આગામી સમયમાં યોજાનાર યુ.જી./એલએલ.બી. સેમ.-૪ તેમજ સેમ.-૬ ની પરીક્ષાના પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી શરૂ કરવા બાબત.**

આથી ઉપરોક્ત વિષયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાઓને જણાવવાનું કે, આગામી સમયમાં યોજાનાર **યુ.જી./એલએલ.બી. સેમ.-૪ તેમજ સેમ.-૬** ની પરીક્ષાના, પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રીની તારીખ નીચે મુજબ રહેશે. નિયત સમય-મર્યાદામાં કોલેજ દ્વારા તેમના લોગીન મારફત એન્ટ્રી કરવાની રહેશે.

**[પરીક્ષા ફોર્મ ફી મજરે બાબતે અત્રેની યુનિ. ના પરીપત્ર ક્રમાંક નં: બીકેએનએમયુ/પરીક્ષા/૩૫/૨૦૨૨, તા.૧૧/૦૧/૨૦૨૨ ધ્યાને લેવાનો રહેશે.]**

| કોર્ષનું નામ | રેગ્યુલર ફી | લેઇટ ફી [રેગ્યુલર ફી + ૫૦૦] | દંડાત્મક ફી [રેગ્યુલર ફી + ૫૦૦ + ૧૫૦૦] |
|---|---|---|---|
| યુ.જી./એલએલ.બી. સેમ.- ૬ | તા.૦૫/૦૩/૨૦૨૨ થી તા.૧૪/૦૩/૨૦૨૨ | તા.૧૫/૦૩/૨૦૨૨ | તા.૧૬/૦૩/૨૦૨૨ |
| યુ.જી./એલએલ.બી. સેમ.- ૪ | તા.૦૪/૦૩/૨૦૨૨ થી તા.૧૪/૦૩/૨૦૨૨ | તા.૧૫/૦૩/૨૦૨૨ | તા.૧૬/૦૩/૨૦૨૨ |

છેલ્લી તારીખ બાદ કરવામાં આવેલ સુધારો સોફ્ટવેર સ્વીકારશે નહી. દંડાત્મક ફી ની તારીખ બાદ પણ જો કોઇ વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ ઓનલાઇન ભરવાનું બાકી રહેલ હોય તો તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ અત્રેની યુનિવર્સિટી ખાતેથી ડબલ દંડાત્મક ફી [દંડાત્મક ફી * ૨(બે)] ભરી ફોર્મ ભરવાનું રહેશે.

દંડાત્મક ફી સાથેની છેલ્લી તારીખ બાદ ચાલુ કામકાજના દિવસ ૧(એક)માં ફરજીયાત પણે ચેકલિસ્ટ તેમજ ફી મેમો પરીક્ષા વિભાગમાં જમા કરાવવાનો રહેશે, જો કોલેજ દ્વારા નિયત સમયમર્યાદા બાદ પરીક્ષા ફોર્મ જમા કરવામાં આવશે તો તેવી કોલેજના બેઠક નંબર જનરેટ થશે નહી જેથી તેની સંપુર્ણ જવાબદારી જે-તે કોલેજની રહેશે. જેની ગંભીરતાથી નોંધ લેવી તથા પરીક્ષા ફોર્મ ફી **"રજીસ્ટ્રાર, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ"** ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ભરવાની રહેશે.

**ખાસ નોંધ :**

૧. દરેક વિદ્યાર્થીએ પરીક્ષા ફોર્મમાં જે વિષય દર્શાવેલ હોય તે જ વિષયની કોલેજ દ્વારા સોફ્ટવેરમાં એન્ટ્રી કરવી.
૨. કોલેજ દ્વારા પરીક્ષા ફોર્મની એન્ટ્રી થયા બાદ ફરજીયાત વેરીફાય કરી લેવાનું રહેશે. [વેરીફાય કરેલ ફોર્મનું જ ચેકલીસ્ટ/બેઠક નંબર જનરેટ થશે]
૩. રીપીટર વિદ્યાર્થીનાં વિષયમાં ફેરફાર કરી આપવામાં આવશે નહી, જે કોલેજ તેમજ વિદ્યાર્થીઓએ ધ્યાને લેવું.
૪. પરીક્ષાના આવેદનપત્ર કોલેજે પોતાની પાસે રેકોર્ડમાં સાચવીને રાખવાં જરૂર પડયે યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવે તો રજુ કરવાનાં રહેશે.
૫. COVID-19 અંગે સરકારશ્રી દ્વારા વખતોવખત જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કર્મચારીઓએ માસ્ક પહેરી (ફેસ કવર) તેમજ સામાજીક અંતર જાળવી ઉપરોક્ત કામગીરી કરવાની રહેશે.
૬. ઉપરોક્ત વિધાશાખાઓ માટેની રેગ્યુલર ફી અત્રેની યુનિવર્સિટીના પરીપત્ર ક્રમાંક-બીકેએનએમયુ/પરીક્ષા/૨૮૯/૨૦૨૨, તા.૨૨/૦૨/૨૦૨૨ મુજબ રહેશે.
૭. જે વિદ્યાર્થીઓ યુ.જી. સેમ.-૫ ની રેગ્યુલર પરીક્ષામાં નાપાસ થયેલ છે તેવા વિદ્યાર્થીઓ માટે પુરક પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે તેથી તેવા વિદ્યાર્થીઓએ યુ.જી. સેમ.-૫(પુરક) પરીક્ષાના, પરીક્ષા ફોર્મ કોલેજ ખાતે ભરવાના રહેશે તેમજ જે વિદ્યાર્થીઓએ પુન:મુલ્યાંકન કરાવેલ છે તેવા વિદ્યાર્થીઓએ પુન:મુલ્યાંકનના પરીણામ જાહેર થયા બાદ પરીક્ષાનું ફોર્મ ભરવાનું રહેશે. વધુમાં જણાવવાનું કે યુ.જી. સેમ.-૫(પુરક) પરીક્ષાના, પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી માટેની તારીખ હવે પછીથી જાહેર કરવામાં આવશે. [ યુ.જી. સેમ.-૫(પુરક) પરીક્ષાના, પરીક્ષા ફોર્મ ઓનલાઇન ભરવા માટે તમામ કોલેજોને ૩ દિવસનો સમયગાળો આપવામાં આવશે જેની નોંધ લેવી.]
૮. યુ.જી. તેમજ પી.જી. અભ્યાસક્રમની ડીગ્રી ફોર્મની ફી રકમ રુપિયા ૨૫૦/- રહેશે. ડીગ્રી ફોર્મ ભરવાની તારીખ ટુંક સમયમાં જાહેર કરવામાં આવશે, જેથી તમામ કોલેજોએ વિદ્યાર્થીઓ પાસેથી ડીગ્રી ફોર્મ સ્વીકારી પોતાની પાસે રાખવા.

ડૉ. ડી. એચ. સુખડીયા
**પરીક્ષા નિયામક**

ક્રમાંક - બીકેએનએમયુ/પરીક્ષા/૩૩૦/૨૦૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩
તા. ૦૩/૦૩/૨૦૨૨

પ્રતિ, યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ માન્ય સંસ્થાના વડાઓ તરફ....

નકલ સવિનય રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી (૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા/યોગ્ય કાર્યવાહી અર્થે) (૩) હિસાબી શાખા.

સરકારી પોલિટેકનિક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જૂનાગઢ – ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત), ફોન નં. ૦૨૮૫ – ૨૬૮૧૪૦૦ ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road Khadiya, Junagadh - 362263 ( Gujarat )
Ph: 0285 - 2681400 fax : 0285 - 2681503
www.bknmu.edu.in info@bknmu.edu.in Bhakta Kavi Narsinh Mehta University Junagadh Bhakta Kavi Narsinh Mehta University Junagadh